# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-02-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PATAN STHAPNAA

ઉત્તર ગુજરાતનાં પાટણનો આજે એક હજાર 281મો સ્થાપના દિવસ છે. ત્યારે તેની પૂર્વ સંધ્યાએ વિશ્વવિરાસત રાણીની વાવ ખાતે રાણીની વાવ ઉત્સવનું આયોજન કરાયું. જેમાં રાજ્યકક્ષાનાં મંત્રી સ્વરૂપજી ઠાકોર અને ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા. રાણીની વાવની ઐતિહાસિક અને શિલ્પસમૃદ્ધ ભવ્યતા વચ્ચે સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા રજૂ કરાયેલા લોકસંગીત, નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ સમગ્ર સાંજને યાદગાર બનાવી હતી. પાટણના ૧૨૮૧ વર્ષના ગૌરવભર્યા ઇતિહાસને ઉજવતા આ ઉત્સવમાં સંસ્કૃતિ, કલા અને પરંપરાનો અદભૂત સંગમ જોવા મળ્યો.

. . . . . . . . . . . . .

# AHMEDABAD CRIME BRANCH

અમદાવાદ શહેર ગુના શાખાએ ઈ-કોમર્સ કંપનીઓ સાથે છેતરપિંડી કરતી આંતરરાજ્ય ટુકડીને ઝડપી પાડી છે. આ ટુકડી પરિવહન શ્રેણીમાં ઘૂસણખોરી કરી મોંઘી ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની જગ્યાએ બનાવટી વસ્તુ બદલી નાખી છેતરપિંડી કરતી હતી. આ કાર્યવાહીમાં પોલીસ પાંચ આરોપીની ધરપકડ કરી અને કુલ 20 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

. . . . . . . . . . . . . .

# AMRELI VEKARIYA

અમરેલી ખાતે રાજ્યના ઊર્જા વિભાગ સાથે સંકળાયેલી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્ય મંત્રી કૌશિક વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનના અધિકારીઓ સાથે વીજ પુરવઠા, ટ્રાન્સમિશન વ્યવસ્થા અને આવનારા વિકાસ કાર્ય અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ઉનાળાની સિઝન દરમિયાન નાગરિકો અને ખેડૂતોને વીજ પુરવઠામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે આગોતરા આયોજન કરવા શ્રી વેકરીયાએ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી.

. . . . . . . . . . . . . .

# GANDHINAGAR SIR

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા SIR અંતર્ગત વિશેષ મતદારયાદી નિરીક્ષક ઐશ્વર્યાસિંઘે સમીક્ષા કરી. ગાંધીનગર કલેકટર કચેરીથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા તથા બનાસકાંઠા, અમદાવાદ, ડાંગ અને સુરત જિલ્લાની હાલની SIR અંગેની કામગીરીની સમીક્ષા કરવામાં આવી,

જેમાં ઐશ્વર્યાસિંઘે આ સંપૂર્ણ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચનો આપ્યા.

. . . . . . . . . . . . . .

## ARVALLI G RAM G

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે વિકસિત ભારત જી રામ જી કાર્યશાળાનું આયોજન કરાયું. આ યોજના વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને તેનો લાભ મળે તેવા ઉદ્દેશથી ભાજપ અગ્રણી જગદીશ ગોરે જણાવ્યું.

(BYTE – JAGDISH GOR, AAGEVAN, BJP)

. . . . . . . . . . . . . .

## Junagadh- Mahashivratri

જૂનાગઢ મહાશિવરાત્રીના મેળામાં વન વિભાગ, વન વિસ્તારના સંરક્ષણ અને ભાવિકોની સુરક્ષા માટે સજજ બન્યો છે. આ વર્ષે રાજ્ય સરકારના પ્રયાસોથી મહાશિવરાત્રીનો મેળો મહામેળો બનવા જઈ રહ્યો છે, ત્યારે લાખોની સંખ્યામાં યાત્રાળુઓ આવવાના શક્યતાઓને ધ્યાને લઈ વન વિભાગ દ્વારા સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

મેળા દરમિયાન મુખ્ય કેન્ટ્રોલ રૂમ દતચોક ભવનાથ ખાતે તેમજ પાંચ જગ્યાએ રાવટી રાખવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# AMRELI BAL PRATIBHA

અમરેલી તાલુકાની કેરિયાનાગસ પ્રાથમિક શાળાની બે પ્રતિભાશાળી દીકરીઓએ ‘બાલ પ્રતિભા શોધ સ્પર્ધા 2025-26’ અંતર્ગત રાજ્ય કક્ષામાં સ્થાન મેળવ્યું છે.

ચિત્રકલા સ્પર્ધામાં પ્રિના વઘાસિયાએ ઝોન વિજેતા બની પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક દૃષ્ટિનો પરિચય આપ્યો હતો. તેમની ચિત્રકલા જ્યુરી દ્વારા ખાસ પ્રશંસિત રહી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં ઈરા સોરઠિયાએ આત્મવિશ્વાસપૂર્ણ ભાષણ, સ્પષ્ટ વિચાર રજૂઆત અને પ્રભાવશાળી અભિવ્યક્તિથી ઝોન કક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

. . . . . . . . . . . . . .